આજે નવસારી શહેરને મળશે પ્રથમ મેયર

કોણ બનશે નવસારીના પ્રથમ નાગરીક? તેના પર સૌની નજર પ્રથમ બોર્ડ બેઠકમાં સ્ટેન્ડિંગ, ટ્રાન્સપોર્ટ કમિટીની રચના થશે

નવસારીઃ નવસારી શહેર માટે આવતીકાલનો દિવસ માત્ર ઔપચારિક નહીં, પરંતુ ગૌરવ, આશા અને ઇતિહાસ સાથે જોડાયેલો બની રહ્યો છે. વર્ષો સુધી નગરપાલિકા તરીકે ઓળખાતું શહેર હવે મહાનગરપાલિકા તરીકે પોતાના નવા શાસકીય અધ્યાયમાં પ્રવેશ કરવા જઈ રહ્યું છે. મંગળવાર, તા. ૨૬ મેના રોજ સવારે ૧૧:૦૦ કલાકે મહાનગરપાલિકા ટાઉન હોલ ખાતે યોજનારી પ્રથમ સામાન્ય સભા સાથે નવસારીને તેનો પ્રથમ મેયર મળશે અને શહેરના નગરશાસનના નવા યુગની સત્તાવાર શરૂઆત થશે.

નવસારી મહાનગરપાલિકાના કમિશનર દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર એજન્ડા મુજબ પ્રથમ બોર્ડ બેઠકમાં મેયર અને ડેપ્યુટી મેયરની ચૂંટણી પ્રક્રિયા કાયદાકીય જોગવાઈઓ અનુસાર પૂર્ણ કરવામાં આવશે. રોસ્ટર શિડ્યુલ મુજબ આ ટર્મ માટે મેયર પદ "સામાન્ય" (જનરલ) કેટેગરી માટે અનામત રાખવામાં આવ્યું છે. હવે સમગ્ર શહેરની નજર એ મુદ્દે ટકેલી છે કે નવસારીના પ્રથમ નાગરિક તરીકે કોના શિરે આ ઐતિહાસિક તાજ શોભશે. આ બેઠક માત્ર રાજકીય પસંદગી પૂરતી મર્યાદિત નથી, પરંતુ શહેરના આગામી વિકાસની દિશા નક્કી કરતી ઐતિહાસિક પ્રક્રિયા બની રહી છે. શહેરના બજેટ, વિકાસકાર્યો, ટેન્ડર પ્રક્રિયા અને વહીવટી નીતિઓમાં સૌથી મહત્ત્વપૂર્ણ ગણાતી સ્ટેન્ડિંગ કમિટીના ૧૨ સભ્યની રચના પણ આ બેઠકમાં કરવામાં આવશે.

સાથે જ શહેરની જાહેર પરિવહન વ્યવસ્થાને વધુ સુવ્યવસ્થિત અને ગતિશીલ બનાવવા માટે ટ્રાન્સપોર્ટ કમિટીના ૮ સભ્યની નિમણૂક અંગે પણ આખરી નિર્ણય લેવામાં આવશે. પ્રથમ સામાન્ય સભા સાથે નવસારી મહાનગરપાલિકાના નવા શાસનની સત્તાવાર શરૂઆત થવા જઈ રહી હોવાથી શહેરમાં રાજકીય ઉત્સુકતા સાથે ગૌરવ અને નવી અપેક્ષાઓનો માહોલ જોવા મળી રહ્યો છે.

હાઈવે કેમિકલ ચોરીમાં જગદીશ ખટીક ઝડપાયો

રિમાન્ડ દરમિયાન પીપોદરાના ગુપ્ત ગોડાઉનમાંથી કેમિકલ જથ્થો જપ્ત

પલસાણાઃ પાલોદ પોલીસની હદમાં હાઈવે નંબર 48 નજીક આવેલ અજંટા કોમ્પ્લેક્સના પાર્કિંગમાં ચાલતા કેમિકલ ચોરીના કૌભાંડનો પર્દાફાશ કરીને 1.71,21,254 નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ગુનાનો સૂત્રધાર નાસતો ફરતો હતો. જેને પકડી પાડવામાં પોલીસને સફળતા સાંપડી છે.

સુરત જિલ્લા એલસીબીએ પાલોદ ખાતેથી કેમિકલ ચોરીનું મોટું નેટવર્ક ચલાવતા મુખ્ય આરોપી જગદીશચંદ્ર ભુરાલાલ ખટીક (ઉં.વ.૪૬, રહે., પાલોદ, મૂળ રાજસ્થાન)ને ઝડપી પાડ્યો છે.

પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરી પોલીસ રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ દરમિયાન હાથ ધરાયેલી આકરી પૂછપરછમાં આરોપીએ સ્વીકાર્યું હતું કે તે અલગ-અલગ જગ્યાએ ગોડાઉન બનાવી ચોરીનું કેમિકલ છૂપાવી રાખતો અને સપ્લાય કરતો હતો.

તેની કબૂલાતના આધારે LCBની ટીમે પીપોદરા ખાતે મહાત્મા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટની દુકાન નંબર ૪ અને ૫માં રેડ પાડી હતી. ત્યાંથી અલગ-અલગ ડ્રમ તેમજ કેરબાઓમાં સંતાડેલો આશરે ૨૮૦ લીટર 'સ્ટાયરીન મોનોમર' કેમિકલનો ચોરેલો વધુ જથ્થો મળી આવ્યો હતો,

જેને પોલીસે કબજે કર્યો છે. પકડાયેલ મુખ્ય સુત્રધાર જગદીશ ખટીક રીઢો ગુનેગાર છે અને તેની સામે અગાઉ કોસંબા પોલીસ સ્ટેશનમાં કેમિકલ ચોરી, આઈપીસી ૪૦૭, મારામારી તેમજ નવી ભારતીય ન્યાય સંહિતા (BNS) હેઠળ ૯ જેટલા ગુના નોંધાયેલા છે. હાલમાં પોલીસે ગુનાખોરીના આ સમગ્ર નેટવર્કના મૂળ સુધી પહોંચવા તપાસ વધુ તેજ કરી છે.

ભરૂચમાં કાફે આઉટલેટ્સ ઠગાઈમાં પત્ની પકડાઇ, પતિ ફરાર

50થી વધુ કર્મચારી છેલ્લા ત્રણ મહિનાથી પગાર વિહોણાઃ સૂત્રધાર પતિ સૌરભ શેરેની પોલીસ શોધમાં

ભરૂચઃ રાજ્યભરમાં પિઝા અને પંજાબી વાનગીઓના કાફે આઉટલેટ્સ ખોલવાના બહાને અંદાજે રૂ.26.46 લાખની છેતરપિંડી કરવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. 'વર્ધિયન' અને 'કુલચા કાફે'ના નામે ફ્રેન્ચાઈઝી આપવાની લાલચ આપી રોકાણકારોને છેતરવામાં આવતા ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

પોલીસ સૂત્રો અનુસાર, ભરૂચના ભારતીનગર વિસ્તારમાં રહેતાં સૌરભ શેરે અને તેમનાં પત્ની વૈભવી શેરેએ દેશભરમાં 60 જેટલા ફૂડ સ્નેક્સ આઉટલેટ્સ શરૂ કરવાની યોજના બતાવી રોકાણકારો પાસેથી લાખો રૂપિયા એકઠા કર્યા હતા. વાસ્તવમાં માત્ર 18 આઉટલેટ્સ જ શરૂ કરવામાં આવ્યા હતા, જ્યારે બાકીના આઉટલેટ્સ અંગે ખોટા વાયદા અને બહાનાં આપી રોકાણકારોને લાંબા સમય સુધી ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતા.

આ કૌભાંડમાં માત્ર મોટા રોકાણકારો જ નહીં, પરંતુ સામાન્ય વર્ગના લોકો પણ ફસાયા છે.

સુરત, વડોદરા સહિતના શહેરોમાં આલુ ટીક્કી, પીઝા અને અન્ય ફાસ્ટફૂડ સામગ્રી તૈયાર કરતી 40થી વધુ મહિલાઓ તથા 50થી વધુ કર્મચારીઓ છેલ્લા ત્રણ મહિનાથી પગાર વિના કામ કરતા રહ્યા હોવાનું પણ સામે આવ્યું છે. પગાર ન મળતાં અનેક પરિવારો આર્થિક સંકટમાં મૂકાયા છે.

રોકાણકારોની ફરિયાદના આધારે ભરૂચ એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે મહિલા આરોપી વૈભવી શેરે અને અન્ય એક વ્યક્તિની અટકાયત કરી લીધી છે, જ્યારે મુખ્ય આરોપી સૌરભ શેરે સહિતના અન્ય સંડોવાયેલા લોકોની શોધખોળ હાથ ધરવામાં આવી છે. પોલીસ આર્થિક વ્યવહારો, રોકાણ અને ફ્રેન્ચાઈઝી કરારો અંગે ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

બારોલીયા ગામના ઉપસરપંચ નૈતિક અધઃપતન બદલ ફરજ મોકૂફ

જીવલેણ હુમલાના કેસમાં 48 કલાકથી વધુ સમય પોલીસ કસ્ટડી અશોક પટેલને ભારે પડી

ઘેજઃ ચીખલીના બારોલીયા મંદિર ફળિયા ગામે પાંચેક માસ પૂર્વે થયેલા ધિંગાણામાં જેલવાસ ભોગવનાર ડેપ્યુટી સરપંચ અશોક પટેલને ડેપ્યુટી સરપંચ પદેથી તાત્કાલિક ફરજ મોકૂફ કરવા ડીડીઓ દ્વારા હુકમ કરવામાં આવ્યો છે. ડેપ્યુટી સરપંચ અશોક પટેલને નૈતિક અધઃપતન બદલ પ્રથમ દર્શનીય જવાબદાર જણાતા પંચાયત ધારાની જોગવાઈ મુજબ ડીડીઓ દ્વારા ફરજ મોકૂફ કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ ગત નવેમ્બર માળના અંતિમ સપ્તાહમાં ચીખલીના બારોલિયા મંદિર ફળિયા ગામમાં દૂધડેરી પાસે ટોળાએ જીવલેણ હુમલો કરતાં પાંચ જેટલા ઈજાગ્રસ્ત થયા હતા અને ચાર જેટલા લોહી લુહાણ હાલતમાં હોસ્પિટલમાં ખસેડાયા હતા.અને તે પૈકી એકને ગંભીર હાલતમાં સુરત ખસેડાયા હતા. પોલીસે બારોલિયા મંદિર ફળિયા ગામના ડેપ્યુટી સરપંચ અને કોંગ્રેસ અગ્રણી એવા અશોકભાઈ રમણભાઈ પટેલ સહિત નવ જેટલા સામે પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી હતી. આ ગુનાના આરોપી એવા ડેપ્યુટી સરપંચ અશોક પટેલને ફરજ મોકૂફ કરવાની રજૂઆત થતાં જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સુનાવણી રાખવામાં આવી હતી અને સુનાવણી દરમિયાન તેમના દ્વારા ગુનામાં ખોટી રીતે આરોપી તરીકે નામ લખાવી દીધેલા હોય ગુનામાંથી નામ કાઢી નાંખવા માટે પિટિશન કરવાના છીએ રીતનો જવાબ રજૂ કરાયો હતો. જેને ગ્રાહ્ય રાખવામાં આવ્યો ન હતો.

ડીડીઓ દ્વારા સરકારના જાહેર સેવક તરીકે ફરજ બજાવતા હોય અને જેઓ સદરહુ ગુનામાં ૪૮-કલાકથી વધુ સમય માટે પોલીસ કસ્ટડીમાં રહેલા છે. ડેપ્યુટી સરપંચ અશોક પટેલ ગુનાના કામે ૩૦/૧૧/૨૦૨૫ ના રોજ અટક કરી મુદતની અંદર નામદાર કોર્ટમાં રજૂ કરી ૦૩/૧૨/૨૦૨૫ સુધી પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવી, નવસારી સબજેલ ખાતે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપેલા હોય નૈતિક અધઃપતન બદલ પ્રથમ દર્શનીય જવાબદાર જણાતા હોવાની હકીકત જણાવી પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની જોગવાઈ આધિન બારોલીયા મંદિર ફળિયા ગામના ઉપસરપંચ પદેથી અશોકભાઈ રમણભાઈ પટેલને તાત્કાલિક ફરજ મોકૂફ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

માંડવીના પુના ગામ પાસેથી 19.57 લાખનો દારૂ ભરેલું કન્ટેનર ઝડપાયું

ઈલેક્ટ્રોનિક સામાનની આડમાં દારૂની હેરાફેરી, ચાલકની ધરપકડ, ત્રણ વોન્ટેડ

પલસાણા, માંડવીઃ સુરત જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દારૂની હેરાફેરીના એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. માંડવી તાલુકાના પુના ગામની હદમાં માંડવી-કીમ રોડ પર પોલીસે નાકાબંધી કરીને ઈલેક્ટ્રિક પાર્ટ્સના બોગસ બિલોની આડમાં લઈ જવાતો 19.57 લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી કુલ 34.64 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.

સુરત જિલ્લા એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમ જ્યારે પેટ્રોલીંગમાં હતી, ત્યારે તેમને બાતમી મળી હતી કે એક અશોક લેલેન્ડ ટ્રક કન્ટેનર (નં. MH 46 F 5779)નો ચાલક પોતાના વાહનમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને નવાપુર, સોનગઢ અને માંડવી થઈને અંકલેશ્વર તરફ જવાનો છે. જે આધારે વોચ ગોઠવી કન્ટેનર આવતા જ પોલીસે તેને અટકાવ્યું હતું. ચાલકની પ્રાથમિક પૂછપરછ દરમિયાન તેણે કન્ટેનરમાં ઈલેક્ટ્રોનિક્સ સામાન હોવાનું જણાવી તેના બિલ અને ચલણ સહિતના દસ્તાવેજો રજૂ કર્યા હતા. જોકે, પોલીસને શંકા જતાં કન્ટેનરનું સીલ તોડીને તપાસ કરવામાં આવી હતી. અંદર તપાસ કરતાં પોલીસ પણ ચોંકી ઊઠી હતી, કારણ કે ઈલેક્ટ્રિક સામાનની આડમાં દારૂ છૂપાવવામાં આવ્યો હતો. કન્ટેનરમાંથી અલગ-અલગ બ્રાન્ડની કુલ 9,300 વિદેશી દારૂની બોટલો મળી આવી હતી, જેની કિંમત 19,57,332 જેટલી થાય છે.પોલીસે આ મામલે કન્ટેનર ચાલક લાખારામ બન્નારામ જાટ (ઉં.વ.40, રહે., બુણીયા, તા. શેંડવા, જિ.બાડમેર, રાજસ્થાન)ની ધરપકડ કરી છે. દારૂ ભરી આપનાર અશોક, માલ મોકલનાર શ્રવણ અને આ જથ્થો મંગાવનાર અજ્ઞાત ઈસમને પોલીસે વોન્ટેડ જાહેર કરીને આગળની તપાસ તેજ કરી છે. પોલીસે 19,57,332ની કિંમતનો વિદેશી દારૂ, 15,00,000ની કિંમતનું અશોક લેલેન્ડ કન્ટેનર, મોબાઈલ, રોકડા મળી કુલ 34,64,532 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલમાં પોલીસે દારૂ ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ગુજરાતમાં કોને સપ્લાય કરવાનો હતો તે દિશામાં ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

પલસાણાના એના ગામે હાઈવે પરથી દબાણોનો સફાયો

ખાણી-પીણીની લારીઓના કારણે અહીં મોટાં વાહનો આડેધડ પાર્ક કરાતાં હતાં, અકસ્માતો સર્જાયાં હોવાથી કાર્યવાહી કરવામાં આવી

પલસાણા : સુરત જિલ્લાના પલસાણા તાલુકાના એના ગામ નજીક નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા એક મોટી કાર્યવાહી હાથ ધરીને હાઈવે પરનાં તમામ દબાણો દૂર કરાયા છે.

એક્સપ્રેસ હાઈવે પરથી ઉતરીને બારડોલી તરફ જતા મુખ્ય માર્ગની આસપાસ ઊભા કરાયેલા લારી-ગલ્લા, નાસ્તાની દુકાનો તેમજ કાચા-પાકા શેડો પર તંત્રનું જેસીબી ફરી વળ્યું હતું. છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારમાં વધતા ટ્રાફિક અને અકસ્માતોના ભયને ધ્યાનમાં રાખીને સુરક્ષાના ભાગરૂપે આ પગલું ભરવામાં આવ્યું છે.

સ્થાનિક વેપારીઓ દ્વારા કરવામાં આવેલાં દબાણોને કારણે સ્થિતિ જોખમી બની હતી. અહીં ખાણી-પીણીની લારીઓ પર આવતા ગ્રાહકોના કારણે ટ્રક, કન્ટેનર જેવાં ભારે વાહનો રસ્તાની સાઈડમાં અયોગ્ય રીતે પાર્ક થતાં હતાં. હાઈવે પરથી પુરપાટ ઝડપે આવતા વાહનો માટે આ અડચણો જીવલેણ સાબિત થઈ રહી હતી અને ભૂતકાળમાં અહીં નાના-મોટા અકસ્માતો પણ નોંધાયા હતા. નેશનલ હાઈવેના રૂટ પેટ્રોલિંગ ઓફિસર પંકજ ડામોરે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, દબાણકર્તાઓને અગાઉ કાયદેસરની નોટિસ આપીને સ્વેચ્છાએ જગ્યા ખાલી કરવા સૂચના અપાઈ હતી. તેનો અમલ ન થતાં આખરે તંત્રને કડક વલણ અપનાવવાની ફરજ પડી હતી. આ દબાણ હટાવવાની ઝુંબેશ દરમિયાન NHAIની રૂટ પેટ્રોલિંગ અને ઓપરેશનલ ટીમ પોલીસ બંદોબસ્ત સાથે મેદાને ઉતરી હતી.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)
IDFC FIRST Bank
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો-શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી) એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

અ. નં.	લોન એકાઉન્ટ નંબર	લોનનો પ્રકાર	દેવાદારો / સહદેવાદારોનું નામ	૧૩(૨) નોટીસની તારીખ	૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ
૧.	૧૩૯૮૬૨૪૦૫	મિલકત સામે લોન	૧. કિશોરભાઈ મનુભાઈ કડવાની ૨. કડવાની ઈલાબેન કિશોરભાઈ	૨૩.૦૪.૨૦૨૬	રૂા.૧૭,૫૨,૦૯૦.૩૪

મિલકત નુ સરનામુ : તમામ ભાગ અને હિસ્સો ધરાવતી દુકાન જી/૨ કે જે પારસ કો.ઓ. હા.સો.લી ના વિશ્વનાથ આર્કેડના ગ્રાઉન્ડ ફ્લોર પર માપ ૧૦.૮૭ ચો.મી (કારપેટ એરયા) અને ૧૩.૦૪ ચો.મી (બિલ્ટઅપ એરીયા) મિલ્કતના વણવહેચાયેલ હિસ્સા સહિત રેવન્યુ સર્વે ૪૬૩ અને ૪૬૪ ટી.પી સ્કીમ નં. ૩ ફાઈનલ પ્લોટ નં. ૪૪૧,૪૪૨ પૈકી પ્લોટ નં. બી-૧૩બી અને પ્લોટ નં. બી/૧૪-એ મોજે ગામ કતારગામ,સુરત શહેર જીલ્લા સુરત,ગુજરાત-૩૯૫૦૦૪ ખાતે આવેલ છે. **જેની ચર્તુદિશા : પૂર્વ તરફ** :પેસેજ,**પશ્ચિમ તરફ** : જોડે ની દુકાન, **ઉત્તર તરફ** :દુકાન નં. ૩ , **દક્ષિણ તરફ**, : દુકાન નં. ૫

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એક્ટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ-ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૨૬.૦૫.૨૦૨૬
સ્થળ : સુરત, ગુજરાત

ઉમરગામમાં ડ્રાઈવિંગ લાઈસન્સના બહાને ઠગાઈ

ઉમરગામઃ ડ્રાઈવિંગ લાઈસન્સ કઢાવી આપવાના બહાને લોકો પાસેથી પૈસા પડાવી લેવાની છેતરપિંડીના અનેક કિસ્સાઓ સામે આવતા હોય છે. તેઓ જ એક વધુ કિસ્સો ઉમરગામના કાલય ગામમાં બનતા નારગોલ મરીન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો છે. જેમાં લાઈસન્સ કઢાવી આપવાના નામે પૈસા પડાવવામાં આવ્યા હતા.

ઉમરગામ તાલુકાના કાલય ગામે માંગેલવાડ ફળિયામાં રહેતા ફરિયાદી મેહુલભાઈ સંજયભાઈ માંગેલા તથા જયેશભાઈ માંગેલા, મેહુલ રાકેશભાઈ માંગેલા, ગૌરવ માંગેલા, હરેશ ટંડેલ, નચિકેત માંગેલા, દક્ષેશ માંગેલા નાઓ પાસેથી જીગ્નેશ જીતેન્દ્ર સોલંકી (હાલ રહે., સોળસુંબા, નવીનગરી)નાએ આરટીઓ એજન્ટ હોવાનું કહી લાઈસન્સ કઢાવવા માટે રોકડા તથા ગુગલ પે ઓનલાઈન મારફતે કુલ રૂપિયા 1,06,500 પડાવી લીધા હતા અને છેલ્લા એક વર્ષથી લાઈસન્સ કાઢી ન આપી લીધેલા પૈસા પણ પરત ન આપતો હોય છેતરપિંડી ઠગાઈ કરી હોય આ બનાવની ફરિયાદ મેહુલભાઈ સંજયભાઈ માંગેલાએ ઉમરગામ નારગોલ પોલીસ સ્ટેશનમાં આપતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. અન્ય કેટલા લોકો સાથે છેતરપિંડી કરી તે અંગે પણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

માંગરોળ પંથકમાં 20થી વધુ ખેડૂતોની મોટરના વાયરો ચોરાયા

વાંકલઃ માંગરોળના વાંકલ અને ધોળીકુઈ ગામની સીમમાંથી મોટા પાયે વીજ કેબલની ચોરી થવા પામી છે. એકસાથે 20થી વધુ ખેડૂતોના કુવા અને ઈલેક્ટ્રિક મોટરના કિંમતી વાયરોની ચોરી કરી રાત્રિના અંધારાનો લાભ ઉઠાવી અજાણ્યા તસ્કરો ફરાર ગયા હતા. હાલ ઉનાળાની સિઝન ચાલી રહી છે અને ખેડૂતો પોતાના શેરડીના પાકને બચાવવા માટે દિવસ-રાત પાણી પીવડાવવાની મથામણ કરી રહ્યા છે. આવા કટોકટીના સમયે જ ઈલેક્ટ્રિક મોટરના વાયરો ચોરાઈ જતાં સિંચાઈનું કામ સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે. સ્થાનિક ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સખત ગરમીમાં રાજ્યપાલ સામાન્ય મુસાફરની જેમ ભરૂચ પહોંચ્યા

સહ મુસાફરોના ખબર અંતર પૂછી રાજ્યપાલ બન્યા ખરા અર્થમાં કોમન મેન

ભરૂચઃ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ તેમની અત્યંત સાદગી અને જનસંવેદનાનું ઉદાહરણ પૂરું પાડતા કાળઝાળ ગરમી વચ્ચે પણ રાજભવનની સુવિધાઓને કોરાણે મૂકી શતાબ્દી એક્સપ્રેસમાં સામાન્ય મુસાફરની જેમ ભરૂચ ખાતેનો પ્રવાસ ખેડ્યો હતો.

મે મહિનાની કાળઝાળ ગરમીમાં, જ્યાં તાપમાન ૪૦ ડિગ્રીથી પણ વધુ નોંધાઈ રહ્યું છે, ત્યાં રાજ્યપાલએ અમદાવાદના કાલુપુર રેલ-વે સ્ટેશનથી ભરૂચ સ્ટેશન સુધીની યાત્રા કોઈ પ્રોટોકોલ કે વિશેષ સુવિધાઓ વિના, સીધા જનતા વચ્ચે રહીને મુસાફરી કરી હતી. સફર દરમિયાન તેમણે સહમુસાફરો સાથે વાતચીત કરી, તેમના ખબરઅંતર પૂછ્યા અને સરકારી પરિવહન સેવાઓનો પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો.

સ્થાનિક લોકપ્રતિનિધિઓમાં ભરૂચ ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, વાગરાના ધારાસભ્ય અરૂણસિંહ રણા, જંબુસરના ધારાસભ્ય ડી.કે. સ્વામી અને પૂર્વમંત્રી ખુમાનસિંહ વાંસિયા સહિત આગેવાનો ઉપરાંત DDO અને ઈનચાર્જ જિલ્લા કલેક્ટર યોગેશ કાપસે, જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાએ પુષ્પગૂચ્છ અર્પણ કરી રાજ્યપાલનું ભરૂચ રેલ-વે સ્ટેશન ખાતે સ્વાગત કર્યું હતું.

સુરત મહાનગરપાલિકા
(Visit us at www.suratmunicipal.gov.in)
FIT INDIA
"મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના"

સુરત મહાનગરપાલિકામાં ધી એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧ હેઠળ નીચે જણાવેલ ટ્રેડોમાં નિયત લાયકાત ધરાવતાં એપ્રેન્ટિસોને તાલીમ આપવાના હેતુસર પસંદગી કરવા માટે લાયકાત/રસ ધરાવતા ઉમેદવારોએ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://www.suratmunicipal.gov.in/ Recruitment સેકશનમાં જઈને ઓનલાઈન અરજી કરવાની રહેશે. એપ્રેન્ટીસની જગ્યા માટેના જુદાં-જુદાં ટ્રેડો તથા તેની લાયકાતની માહિતી ધરાવતી વિગતવાર જાહેરાત, ઓનલાઈન અરજી ફોર્મ ભરવા માટેની સામાન્ય સુચનાઓ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://www.suratmunicipal.gov.in/Information/Recruitment ઉપર મુકવામાં આવેલ છે.

ક્રમ	એપ્રેન્ટીસ ટ્રેડનું નામ	સંખ્યા	સ્ટાઈપેન્ડ	શૈક્ષણિક લાયકાત
1	ઈલેક્ટ્રીશ્યન / વાયરમેન	80	10560/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
2	ફીટર	20	10560/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
3	ડ્રાફ્ટસમેન (સીવીલ)	20	10560/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
4	સર્વેયર	20	10560/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
5	મીકેનીક (મોટર વ્હીકલ)	05	10560/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
6	મીકેનીક રેફ્રીજરેશન એન્ડ એર કન્ડીશનીંગ	05	10560/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
7	મીકેનીક ડીઝલ	10	10560/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
8	હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર	150	9600/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
9	કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ	180	9600/-	આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ.
10	મેડીકલ લેબ. ટેક. (પેથોલોજી)	40	12300/-	ધો.૧૨ (કેમેસ્ટ્રી,ફીઝીક્સ,બાયોલોજી વિષય સાથે) + બી.એસ.સી
11	એકાઉન્ટ આસીસ્ટન્ટ	160	12300/-	બી.કોમ (એમ. કોમ ઉમેદવારને અગ્રીમતા આપવામાં આવશે.)
12	ડોમેસ્ટીક ડેટા એન્ટ્રી ઓપરેટર v2.0	170	12300/-	બી.એ. / બી.સી.એ
13	માઈક્રો ફાઈનાન્સ એક્ઝીક્યુટીવ	120	12300/-	બી.કોમ / બીબીએ
14	પી.આર.આસીસ્ટન્ટ	20	12300/-	માસ કોમ્યુનીકેશન / જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનીકેશન / બી.એ. (જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનીકેશન)
	કુલ	1000		

લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાતની સૂચનાઓ તેમજ ઓનલાઈન અરજી ફોર્મ ભરવાની સુચનાઓ વાંચીને ત્યારબાદ જ ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે રીક્રુટમેન્ટ વિભાગના ફોન નં.૦૨૬૧-૨૪૨૩૭૫૧-૫૬ (એક્સ્ટેન્શન-૨૩૧) ઉપર સંપર્ક કરવો.

નં.પીઆરઓ/૪૮/૨૦૨૬-૨૭
સુરત. તા.૨૫/૦૫/૨૦૨૬
ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર (ડી)
સુરત મહાનગરપાલિકા

વાપી કરવડમાં બાળકોના ઝઘડામાં 3 ઈસમે એકને માર માર્યો

વાપીઃ વાપી નજીકના કરવડ સાંઈવિહાર રેસિડન્સીમાં સરવર આલમ દોસ્ત મોહમ્મદ ખાન (ઉં.36) રહે છે અને તેઓની ડુંગરામાં સ્ક્રેપની દુકાન ચલાવે છે. ગત તા.23-5-26 ના રોજ પુત્ર ઘરે આવ્યો હતો અને જણાવ્યું કે, બિલ્ડિંગમાં રહેતા કલ્લુનો છોકરો સારીશ સાથે ક્રિકેટ રમવા બાબતે ઝઘડો થયો હતો. જે બાદ કલ્લુનો છોકરો મળતા તેને સમજાવ્યો હતો. ત્યારે કલ્લુની પત્ની સામે આવી બોલાચાલી કરી હતી. જેથી સરવરે 112 પર ફોન કરતાં પોલીસ આવી ગઈ હતી અને તે બાદ સમાધાન થયું હતું. ત્યારબાદ રાત્રિએ તેઓ બિલ્ડિંગની પાર્કિંગમાં પહોંચતા કરીમ મોબીન સિદ્દિકી (રહે., કરવડ-વાપી), સબર મોહમદ સિદ્દિકી તથા કલમ મોહમદ સિદ્દિક (બંને રહે., મુંબઈ) આવ્યા હતા અને ઝઘડો કરી ઢીક્કામુક્કીનો માર માર્યો હતો અને કરીમે ધારદાર ચાકુ બતાવી જાનથી મારી નાંખવાની ધમકી ઉચ્ચારી હતી.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

ઘરબેઠા રીપેરીંગ
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

ઘરબેઠા TV, LCD,
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામીની ઈલેક્ટ્રનિક્સ, અડાજણ, 9898302700

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

(સાગર- 9427113317)
અધિકમાં સોમનાથ, નાગેશ્વર, દ્વારકા, સારંગપુર, (AC બસમાં) 18- જુન ગોવામાં 3 નાઈટ,

મહાદેવ ટુર એન્ડ
ટ્રાવેલ્સ. (ગળતેશ્વર, ડાકોર) (ઉજ્જૈન, ઓમકારેશ્વર) (દ્વારકા, સોમનાથ). (આબુ, અંબાજી) (શિરડી, સાપુતારા) (મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ) 7802062340 (116)

ઓમશિવ ટ્રાવેર્લ્સ
27- મેં, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા, 28- મેં, ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

નોકરી વિષયક

અમારે સાફ સફાઈ
થતા બાથરૂમ ધોવા માટે મહિલા કે પુરુષની જરૂર છે સમય સવારે 8 વાગેથી સાંજે 5 વાગે સુધી પગાર વ્યવસ્થિત આપીશું. મો. નં. 9429618212

1BHK & 2BHK ફ્લેટ વેચાણથી આપવાના છે
ઉધના મેઈન રોડ ઉપર
99247 27555

Required Marketing
Executive At Least 2 Years Experience to Sale Bopp, Masking Tape, Cello Tape etc For Surat, Bharuch, Dahej Navsari Area in Industries and Retail Market Contact: Aa Bb Maxx Adhesive co- Surat Mobile - 9079716228 Email id - aabbmaxxadhesive@gmail.com

જરૂરી
લાયસન્સ ધરાવતા ફાર્માસિસ્ટ (બી.ફાર્મ/ ડી.ફાર્મ) સૈફી મેડિકલ ઉધના માટે, 8866013052, પર કોલ કરો.

જોઈએ છે
રસોઈ માટે બહેન/ ભાઈ. રસ ધરાવનારે નીચેના નંબર પર સંપર્ક કરવો 9687419067 (114)

જોઈએ છે.
પાલ અને અડાજણ, સુરત ખાતે આવેલ મહિલા PGમા ઘરકામ માટે બહેનો, વિધવા, ડિવોર્સ, એકલા રહેતા અથવા કોઈપણ બહેનો. રહેવા અને જમવાની સુવિધા મળશે. 9924073970

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.